# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || academic@bknmu.edu.in

---

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૪૩૩/૨૦૨૬ તા.૧૨/૦૬/૨૦૨૬

પરિપત્રઃ-

વિષય: થેલેસેમિયા સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવા બાબત.
સંદર્ભઃ ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદના પત્ર ક્રમાંક ટી.પી.પી./૨૦૨૬-૨૭/૦૭૩૬, તા.૦૯/૦૬/૨૦૨૬.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઈન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા રાજયની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા તમામ વિધાર્થીઓનું થેલેસિમિયા સિકલ સેલ, એનેમીયા અને હિમોગ્લોબીનોપેથી પરીક્ષણ દર વર્ષે નિયત રીતે કરવામાં આવે છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વિધાર્થીઓને પ્રિ-કાઉન્સેલિંગ દ્વારા થેલેસેમિયા અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવે છે તેમજ તેઓને પરીક્ષણ બાદ પોસ્ટ કાઉન્સેલિંગ પણ કરવામાં આવે છે. ઉપરોકત સંદર્ભ પત્ર અનુસાર ખાનગી લેબમાં થેલેસેમિયા પરીક્ષણ HPLC ટેસ્ટનો ચાર્જ રૂ. ૬૦૦ થી રૂ. ૭૦૦થી પણ વધુ થાય છે. જયારે આ પરીક્ષણ સામાજિક સેવાના ભાગરૂપે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સંસ્થા દ્વારા ટોકન ચાર્જ રૂ. ૧૫૦/- થી કરવામાં આવે છે. જેમાં CBC/HPCL ટેસ્ટનો પણ સમાવેશ થાય છે.

ઉકત બાબતે આપની સંસ્થા કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરતા વિધાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરાવવા માટે આ સાથે બીડેલ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજય શાખાના પત્ર મુજબ થેલેસેમિયા પ્રોગ્રામ અંતર્ગત થેલેસેમિયા સ્ક્રીનીંગ ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજય શાખા દ્વારા થાય તે માટે આપની સંસ્થા/કોલેજમાં થેલેસેમિયા સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરી માનનીય પ્રધાનમંત્રીશ્રીનાં આપણા ભારત દેશને સિકલસેલ, એનિમિયા મુકત બનાવવા માટેના અભિયાનને સફળ બનાવવા અનુરોધ કરવામાં આવે છે.

(મુસદ્દો કુલસચિવશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.)

બિડાણઃ-

- સંદર્ભ પત્ર

મદદનીશ કુલસચિવ

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ...

નકલ સાદર રવાનાઃ-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ-
(૧) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે).

THROUGH HUMANITY TO PEACE

# Indian Red Cross Society

(Constituted Under Act XV of 1920)

Gujarat State Branch

An ISO 9001 Certified Organization

President : Acharyashri Devvrat, Hon. Governorshri, Gujarat
Vice-President : Shri Prafulbhai C. Pansheriya
Hon'ble Minister of State,
Health, Family Welfare and M.E., Gujarat Govt.

Chairman : Shri Ajay H. Patel
Vice Chairman : Dr. Ajay Kanaiyalal Desai
Hon. Treasurer : Shri Sanjay Kanchanlal Shah
General Secretary: Dr. Prakash Parmar

ટી.પી.પી./૨૦૨૬-૨૭/ 0736 તા. 09/06/26

પ્રતિ,
વાઈસ ચાન્સેલરશ્રી/રજીસ્ટ્રારશ્રી/મેડીકલ ઓફિસરશ્રી,
ભક્ત કવિ નરસિંહ મેહતા યુનીવર્સીટી
જુનાગઢ

To R

વિષયઃ - થેલેસેમિયા સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવા બાબત

માનનીય સાહેબશ્રી,

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા એ માનવતાવાદી કામગીરીમાં ગુજરાતમાં અગ્રસ્થાન ધરાવે છે. આવી જ એક માનવતાવાદી કામગીરી રેડ ક્રોસ સોસાયટી દ્વારા ગુજરાત રાજ્ય ને થેલેસેમિયા મુકત બનાવવાના ધ્યેયને અનુલક્ષીને વર્ષ ૨૦૦૪ થી થેલેસેમિયા & સિકલસેલ પ્રિવેન્શન, કંટ્રોલ અને રિસર્ચ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો, જે અંતર્ગત ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટી હસ્તક કોલેજમાં અભ્યાસ કરતાં ૪૨ લાખથી વધુ વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરી જરૂરી માર્ગદર્શન આપેલ છે.

આપ એ હકીકતથી સુવિદિત છો કે, ઇન્ડીયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા રાજ્યની યુનિવર્સિટી સલગ્ન કોલેજો ખાતે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના થેલેસેમિયા, સિકલ સેલ, એનેમીયા, અને હિમોગ્લોબીનોપથી પરીક્ષણ દર વર્ષે નિયમિત રીતે કરવામાં આવે છે. રેડ ક્રોસ દ્વારા પ્રિ-કાઉન્સેલીંગ અને રિપોર્ટ આપ્યા બાદ પોસ્ટ કાઉન્સેલીંગ પણ કરવામાં આવે છે, **આ પરીક્ષણ સામાજિક સેવાના ભાગરૂપે ટોકન ચાર્જ રૂ.૧૫૦/-થી કરવામાં આવે છે, જેમાં CBC/HPLC ટેસ્ટ કરવામાં આવે છે. ખાનગી લેબમાં થેલેસેમિયા ટેસ્ટનો ચાર્જ ૬૦૦ થી ૭૦૦ રૂપિયામાં થાય છે.**

ગુજરાતને થેલેસિમિયા/સિકલસેલ મુકત બનાવવા સંસ્થાની જે નેમ છે. તેમાં આપ પણ સહભાગીદાર બનશો. આ કામગીરીને વધુ સફળ બનાવવા માટે આપનો સહકાર અનિવાર્ય છે. જે સંસ્થાને હંમેશા મળતો આવ્યો છે. અને ભવિષ્યમાં પણ આવો જ સહકાર મળતો રહેશે એવી અપેક્ષા છે.

**આપણાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબનું સપનું છે દેશને સિકલસેલ, એનિમિયા મુક્ત બનાવવું. આપને પણ સિકલસેલ, એનિમિયા અભિયાનમાં જોડાવા આગ્રહભરી વિનંતી છે.**

આભાર સહ,

ડૉ. પ્રકાશ પરમાર
જનરલ સેક્રેટરી

REGISTRAR OFFICE
Inward No. 20
Dt. 11/6/26

VC OFFICE
Inward No. 53
Dt. 11/06/2026

થેલેસેમિયા કેમ્પનું આયોજન તથા વધુ જાણકારી માટે સંપર્ક કરશો.
ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા
થેલેસેમિયા પ્રિવેન્શન પ્રોગ્રામ : : ૦૭૯ – ૨૭૫૫ ૭૦૫૬/૫૭
નિલેશ ભારતીય : ૯૪૨૮૨ ૧૪૨૯૩
સંજય વાળંદ : ૯૬૨૪૧ ૩૮૯૫૫
ઈમેલ : tpp.ircsguj@gmail.com